ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૬.૫ ડીગ્રી
લઘુતમ : ૨૬.૫ ડીગ્રી
ભેજ
સવારે ૭૯ ટકા ● સાંજે ૫૧ ટકા

ગાંધીનગર તાપમાન

શહેરમાં ભાજપ ચૂંટણી માટે કમર કસે છે

મહાનગરમાં ભાજપા દ્વારા વોર્ડ વાઈઝ કારોબારી બેઠકનું આયોજન

ગાંધીનગર, તા.૩૦

આજરોજ ગાંધીનગર મહાનગર ભારતીય જનતા પાર્ટીની વર્ચ્યુઅલ કારોબારી બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં પ્રદેશ સંગઠન મહામંત્રીશ્રી ભીખુભાઈ દલસાણીયા પ્રદેશ મહામંત્રીશ્રી અને મહાનગરના પ્રભારીશ્રી રજનીભાઈ પટેલ, પૂર્વ મંત્રીશ્રી વાડીભાઈ પટેલ, પ્રભારીશ્રી મોહનલાલ પટેલ, શહેર ભાજપ પ્રમુખશ્રી ઋચિર ભટ્ટ, મહામંત્રીશ્રીઓ તેમજ મહાનગર ભાજપ સંગઠનની મુખ્ય ટીમ, ભાજપા અગ્રણીશ્રીઓ, વોર્ડ સંગઠનના હોદ્દેદારો તેમજ અપેક્ષિત શ્રેણીના કાર્યકર્તાઓ આજની આ કારોબારી બેઠકમાં જોડાયા હતા.

પ્રદેશ મહામંત્રીશ્રી અને મહાનગરના પ્રભારીશ્રી રજનીભાઈ પટેલે જણાવ્યું હતું કે, મુદ્દા વિહોણાં વિપક્ષ દ્વારા પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી અને ભાજપ સરકારને બદનામ કરવાના રાજકીય બદઈરાદા સાથે કોરોના મહામારીના સંદર્ભમાં ફેલાવાઈ રહેલા જુઠ્ઠાણાઓને ભાજપાનો એક એક કાર્યકર્તા ઉજાગર કરશે. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નિર્ણાયક અને દૂરંદેશીતાભર્યા નેતૃત્વને કારણે દેશ ખૂબ મોટી આપત્તિમાંથી બચી શક્યો છે. ખૂબ ઓછા સમયગાળામાં દેશમાં કોરોના સામેની લડાઈ મજબૂત કરવા જરૂરી સંસાધનોની વ્યવસ્થા

સરકારશ્રી દ્વારા કરાઈ છે પરંતુ પીએમ મોદી અને ભાજપનો વિરોધ કરતા કરતા વિપક્ષ આજે દેશનો વિરોધ કરવા લાગ્યો છે.

શ્રી રજનીભાઈ પટેલે કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી અને ગાંધીનગર લોકસભા ક્ષેત્રના લોકલાડીલ સાંસદશ્રી અમિતભાઈ શાહનો કોરોના મહામારીકાળમાં સમગ્ર દેશની સાથે સાથે પોતાના મતક્ષેત્રની વિશેષ ચિંતા કરી વ્યવસ્થાપન અંગે માર્ગદર્શન અને સહયોગ આપવા બદલ આભાર વ્યક્ત કર્યો હતો અને 'ગાંધીનગર લોકસભા, હરિયાળી લોકસભા' બનાવવાના શ્રી શાહ ના સંકલ્પને જનતાના સહકારથી વ્યાપક વૃક્ષરોપણ દ્વારા સિદ્ધ કરવા હાકલ કરી હતી.

મહાનગરના પ્રભારીશ્રી મોહનલાલ પટેલ વૈશ્વિક મહામારી કોરોના વાયરસના સંદર્ભે વિસ્તૃતપણે વિવિધ પાસાઓને આવરી લઈને કેન્દ્ર અને રાજ્યની સરકાર દ્વારા લેવામાં આવેલા મહત્વપૂર્ણ પગલાંઓ અને કોરોનાની શરૂઆતથી જ તાબડતોડ ઉભી કરાયેલી વ્યવસ્થાઓ અંગેનો ચિતાર રજૂ કર્યો હતો.

આજની આ બેઠકમાં મહાનગરના અધ્યક્ષશ્રી ઋચિર ભટ્ટ દ્વારા સ્વાગત પ્રવચન કરવામાં આવ્યું હતું તેમજ કોરોના મહામારીના કારણે દિવંગત થયેલા ભાજપા હોદ્દેદારો, કાર્યકર્તાઓ પરિવારના સભ્યો, નાગરિકો માટે શોક પ્રસ્તાવ પસાર કરી બે મિનિટનું મૌન રાખવામાં આવ્યું હતું.

આ ઉપરાંત પૂર્વ મેયર રીટા પટેલ દ્વારા રાજકીય પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો હતો જેને મહાનગરના ઉપાધ્યક્ષ નિલેશ પટેલે ટેકો આપ્યો હતો. આજની આ વર્ચ્યુઅલ બેઠકનું સંચાલન શહેર મહામંત્રીશ્રી કનુભાઈ દેસાઈએ કર્યું હતું. આગામી સમયમાં મહાનગરમાં વોર્ડ સઃ કારોબારી બેઠકનું આયોજન કરવામાં આવશે.

જન્મદિને વધામણી

ભાનુભાઈ પુરાણી
પ્રમુખ, ત્રિદલ અને ગાંધી મિત્ર વર્તુળ

બાબુલાલ અજમલભાઈ નાયી

કેશવગીરી ગોસ્વામી
મો. ૯૪૨૬૫૯૨૩૮૯

નારણભાઈ પ્રજાપતિ
મો. ૯૪૨૭૩ ૦૩૧૪૧

રમીલાબેન કાન્તિલાલ નાયી
મો. ૯૭૨૩૨ ૧૧૮૬૩

શૈલેષભાઈ નાનાલાલ મહેતા
મો. ૯૭૧૪૧ ૯૮૩૬૬

ભાવના અશોકકુમાર ઉપાધ્યાય
મો. ૯૯૨૪૫ ૬૯૩૧૧

રેહાંશી સંજયકુમાર ઠાકોર
મો. ૯૦૯૯૭ ૬૧૬૬૭

કિન્નરીબા જીલુભા ધાંધલ
મો. ૯૮૨૫૪ ૯૪૩૯૭

હૃદય ચક્રવર્તી

રંગોલી ઈન્ટરનેશનલ સ્કૂલ દ્વારા ઓનલાઈન 'એસેસમેન્ટ પેટર્ન' પર વાલીઓની ઓરીયેન્ટેશન બેઠક યોજાઈ

ગાંધીનગર, તા.૩૦

આ કોરોના મહામારીનાં સમયમાં ઓનલાઈન શિક્ષણ પદ્ધતિએ એક નવું મુકામ હાંસલ કર્યું છે. બાળકોના

અમુલ્ય ભવિષ્ય અને એનાથી પણ વધારે મહત્વનું બાળકોનું શિક્ષણ ચલુ રાખવા માટે રંગોલી ઈન્ટરનેશનલ સ્કૂલ હંમેશા તૈયાર રહી છે.

શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨ માટેની ઓરીયેન્ટેશન બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઓનલાઈન સત્રમાં આચાર્ય અનામિકા અંજારિયાએ હાલની પરિસ્થિતિને સંબોધીને ટીચીંગ-લર્નિંગ પેટર્ન પર સંબોધન આપ્યું હતું. વાઈસ-પ્રિન્સિપાલ દીપા નિશાદે માતા-પિતાને એસેસમેન્ટ પેટર્ન વિશે સંબોધન કર્યું હતું અને આ સત્રમાં વાલીઓના દરેક પ્રશ્નો માટે સચોટ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

ઘ-માર્ગ પાસે સેકટર-૩માં સમ્યક યુવા ફાઉન્ડેશનનું વૃક્ષારોપણ

ગાંધીનગર, તા.૩૦

શહેરની પ્રકૃતિપ્રેમી સેવાભાવી સંસ્થા સમ્યક યુવા ફાઉન્ડેશન દ્વારા ખાનગી નર્સરીમાંથી ૨૫ નંગ લીમડાના છોડની ખરીદી કરી ઘ-રોડ પર હાઈટેક હોસ્પિટલ નજીક સેક્ટર-૩ ખાતે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતુ જેમાં પાંચ છોડ ખુલ્લી જગ્યામાં ટ્રી ગાર્ડ સાથે અને ૨૦ છોડ તાર ફેન્સિંગવાળી જગ્યામાં વાવવામાં આવ્યાં હતા. આ કાર્યમાં સંસ્થાના સ્વયંસેવકો મયુરભાઈ જાદવ, કશ્યપભાઈ વાળંદ, જીજ્ઞેશ જાદવ, નાસીર, મૌલિકરાજ શ્રીમાળી વગેરેએ શ્રમદાન કર્યું હતુ જ્યારે રાજુભાઈ રિક્ષાવાળાએ છોડ લાવવા માટે ફ્રી ટ્રાન્સપોર્ટેશન સેવા પુરી પાડી હતી.

તુલસી વંદના કાર્યક્રમ હેઠળ પાંચ હજાર તુલસીના છોડ વિતરણનો પ્રારંભ

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગરના શ્યામજી કૃષ્ણવર્મા ફ્લેટ ખાતે પ્રદેશ મહામંત્રી રજનીભાઈ પટેલના હસ્તે તુલસી વંદના કાર્યક્રમનું વોર્ડ નં.૧૦માં આરંભ કરવામાં આવ્યો હતો જે અંતર્ગત સેક્ટરો ૧, ૬, ૭, અને ૮ના વસાહતીઓને પ્લાસ્ટિકના કુંડ સાથે તુલસીના પાંચ હજાર છોડના વિતરણનો આજથી પ્રારંભ કરવામાં આવ્યો હતો. આસ્થા સેવા યજ્ઞના સ્થાપક પ્રમુખ હેમરાજભાઈ પાડલિયાના સહયોગથી ગાંધીનગર શહેરમાં કુલ સાત હજાર કુંડનું ભાજપા દ્વારા વિતરણ કરવાનો નિર્ધાર વ્યક્ત કરવામાં આવ્યો છે.

આ કાર્યક્રમમાં ભાજપના પ્રદેશ મહામંત્રી રજનીભાઈ પટેલ સહિત અગ્રણીઓ હેમરાજભાઈ પાડલિયા, રુચિરભાઈ ભટ્ટ, અશોકભાઈ પટેલ, રીટાબેન પટેલ, મહાનગર ભાજપના હોદ્દેદારશ્રીઓ, વોર્ડના હોદ્દેદારો તથા ઉમેદવારો, નેચરફર્સ્ટના એન. પી. પટેલ, મહેન્દ્રભાઈ ત્રિવેદી સહિત અગ્રણીઓ અને વસાહતીઓ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં ૩૪૫ વસાહતીઓને તુલસીકુંડનું વિતરણ કરીને તુલસી-વંદના કાર્યક્રમનો શુભારંભ કરાવ્યો હતો તેમજ આ સાથે વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યું હતું.

ગાંધીનગરમાં અંડર ગ્રાઉન્ડ ગટર વ્યવસ્થા છે. ગટરના ઢાંકણા રોડ ઉપર જ હોવાથી વાહનોની અવરજવરમાં તે તુટી જાય છે. ગ-૩ થી ઘ-૩ સર્કલ તરફ જવાના માટે સેકટર-૧૨/૬ના કટ પાસે ખૂબ જ જોખમી રીતે ગટરનું ઢાંકણું તુટેલું જોવા મળી રહ્યું છે.

માહિતી ખાતાની ૩૭ વર્ષની સેવાઓ બાદ વાહન ચાલક નરસિંહભાઈ વણકર વય નિવૃત્ત

ગાંધીનગર, તા.૩૦

માહિતી ખાતાની વડી કચેરીના વાહનચાલક નરસિંહભાઈ વણકર આજે ૩૭ વર્ષની સુદિર્ઘ સેવાઓ બાદ વય નિવૃત્ત થતા વાહનચાલકશ્રીઓ દ્વારા ભાવભર્યું વિદાયમાન આપવામાં આવ્યું હતું.

નરસિંહભાઈ એ વિવિધ જિલ્લા કચેરી તથા વડી કચેરી ખાતે ઉચ્ચ અધિકારીઓ સાથે તેમની ઉમદા સેવાઓ આપી હતી. માહિતી ખાતાના તમામ વાહનચાલકો દ્વારા નિવૃત્ત થતા નરસિંહભાઈને શાલ ઓઢાડી અને મોમેન્ટો આપીને તેમને સન્માનિત કરી ભાવભરી વિદાય આપી હતી. આ વેળાએ તમામ વાહન ચાલકશ્રીઓ નરસીભાઈ સાથેના સંસ્મરણો તાજા કરી તેમની સેવાઓને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

જાયન્ટસ ગ્રૂપ ઓફ ગાંધીનગર સાહેલી દ્વારા વૃક્ષારોપણ યોજાયો

ગાંધીનગર, તા.૩૦

જાયન્ટસ ગ્રૂપ ઓફ ગાંધીનગર સાહેલી દ્વારા સેક્ટર-૨૬ ન્યુ ગ્રીનસીટીના કોન પ્લોટમાં બોરસલી, સપ્તપર્ણી, કોનોડોર્પસના કુલ ૨૯ વૃક્ષોની વાવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં જાયન્સ વેલફેર ફાઉન્ડેશન ૩ સીના યુનીટ ડાયરેકટર તથા પાસ્ટ પ્રેસીડેન્ટ સાહેલી ગ્રૂપના ગાયત્રીબેન પટેલ, ઉપપ્રમુખ જયોત્સનાબેન પટેલ તથા ચેતનાબેન, સૂર્યનાબેન, રંજનબેન, શારદાબેન, કીંજલબેન, હર્ષનાબેન, સવિતાબેન તથા જીયાબેન, કમળાબેન વિગેરે સાહેલી ટીમની બહેનોએ હાજરી આપી હતી.

ચિરવિદાય

● મુક્તિધામ ●

- **સ્વ. ભરથરી સંજયભાઈ અમરતભાઈ,** ઉ.વ. ૨૮, ધોળાકુવા
- **સ્વ. રાણા પુરીબા સોમાજી,** ઉ.વ. ૮૮, નવા ધરમપુર
- **સ્વ. પટેલ પરેશકુમાર કાલીદાસ,** ઉ.વ. ૫૫, રાયસણ
- **સ્વ. ત્રિવેદી ધવલ રમેશભાઈ,** ઉ.વ. ૩૪, સેકટર-૨૯
- **સ્વ. મકવાણા મીનાક્ષીબેન પ્રવિણભાઈ,** ઉ.વ. ૪૭, સેકટર-૨૩
- **સ્વ. વણઝારા રાકેશ મંગાજી,** ઉ.વ. ૮, સે-૧૫, છાપરાં

'બુલેટ વર્લ્ડ' બર્થડે સેલિબ્રેશન નિમિત્તે નીકળી સમાજ સેવાની 'બુલેટ રાઈડ'!

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર શહેરમાં બુલેટ રાઈડર્સ ક્લબ ચાલે છે અને એમાં બુલેટ પ્રેમી યુવક યુવતીઓ જોડાય છે. બુલેટ લવર્સ માટે બુલેટ વર્લ્ડ એ કાયમ કંઈક સાહસિક પ્રવૃત્તિઓ આયોજિત કરતું હોય છે. એ બુલેટ વર્લ્ડના પાંચમા જન્મ દિવસની અનોખી ઉજવણી કરવામાં આવી હતી.

બુલેટ લવર્સ બ્લેક ટીશર્ટ અને બ્લ્યૂ જીન્સમાં બુલેટ સવારી કરી બર્થડે સેલિબ્રેશન માટે આવ્યા હતા. બુલેટ વર્લ્ડ ચોવીસ ચાર રસ્તા પાસે આવેલા સેન્ટર ખાતે અનોખી કેક સાથે સેલિબ્રેશન હતું જેમાં બુલેટ વર્લ્ડના વનરાજસિંહ વાઘેલા, પ્રશાંત મેવાડા, દિગ્વિજયસિંહ વાઘેલા સાથે મુખ્ય મહેમાન તરીકે સંજય થોરાત દ્વારા કેક કટિંગ કરવામાં આવ્યું હતું. બુલેટ વર્લ્ડથી શિસ્તબદ્ધ ૨૬ બુલેટ રાઈડર્સ બુલેટ રાઈડની સવારી કરી બધા મિત્રો સમર્પણ કોલેજ પાસે આવેલા ફોર્સ વન એકેડમી ખાતે પહોંચ્યા હતા જ્યાં સૌનું પુષ્પ વર્ષા સાથે સ્વાગત કરવામાં આવ્યું હતું.

બુલેટ વર્લ્ડ અને ફોર્સ વન એકેડમીના સંયુક્ત ઉપક્રમે એક એફઓબી નામની એનજીઓ શરૂ કરવામાં આવી છે એનું પણ કેક કાપી ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વનરાજસિંહ વાઘેલા, પ્રશાંત મેવાડા, દિગ્વિજયસિંહ, સંજય થોરાતની સાથે કિશોર સિંહ, રાણાજી, સૂરજ બારોટ, નિમેષ પંચાણી, કૌશલ રાવલ, ડો. જિજ્ઞેશ, નવરંગભાઈ, રણજીતભાઈ, ચેતન ઉપાધ્યાય, ધ્રુમીલ સોની, આનંદ પટેલ, અપૂર્વ ગક્કર, મહાવિરસિંહ વાઘેલા, નજરઅલી મુખી, શબ્બીર ખાન, મયુર સિંહ, હરપાલ સિંહ ઝાલા, વનરાજસિંહ ગોહિલ, સુધીર પ્રજાપતિ, ગુણવંત, પ્રિતેશ વગેરે બુલેટ રાઈડર્સ જોડાયા હતા.

બંને જગ્યાએ કેક કાપીને બર્થડે સેલિબ્રેશન બાદ ગાંધીનગરમાં સમાજ સેવાની બુલેટ રાઈડ નીકળી હતી. અખબાર ભવન પાસે આવેલી શ્રમજીવી વસાહતમાં રહેતા લોકોને થાળી વાટકી ચમચી અને ચોકલેટની કીટ બનાવી ૧૨૫ લોકોના ઘરે ઘરે ફરીને આ કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલના પ્રિ-પ્રાઈમરી વિભાગમાં આજરોજ **Online Toy Day activity** કરવામાં આવી હતી. જેમાં બાળકોએ મનપસંદ રમકડા બતાવી પોતાનો ઉત્સાહ જાહેર કર્યો હતો.

વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ ના બાળકો દ્વારા ક્લે મોલ્ડિંગ કરવામાં આવ્યું

માટીકામ એક એવું માધ્યમ છે કે જે બાળકોની સર્જનાત્મકતાને પ્રોત્સાહન આપે છે. બાળકો માં સમસ્યા હલ કરવાની કુશળતા, મૂલ્યાંકન અને આકારો ની ઓળખ જેવી મહત્વપૂર્ણ સર્જનાત્મકતાનો વિકાસ થાય છે. બધા જ બાળકોની સૌથી પ્રિય રમત એટલે આ માટીકામ. તો બાળકોની આત્મઅભિવ્યક્તિને પ્રોત્સાહિત કરવા વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ દ્વારા ક્લે મોલ્ડિંગના ઓનલાઈન ક્લાસીસ દ્વારા બાળકોને વિવિધ પ્રકારના ફૂલો , આકારો અને સુંદર મજાની ડિઝાઈન બનાવતા શીખવવામાં આવ્યું હતું. અને બાળકોએ આ સેશન મનભરીને માણ્યું હતું.